PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૫/ક્વા–૦૩/૧૬–૧૭/ ૧૧-૨૧૪ તા. ૧૭/૧૨/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભીમજીભાઈ વિરજીભાઈ વેકરીયા,
ભોમેશ્વર પ્લોટ, ફાટક ની બાજુમા, ૭/૧૦ નો ખુણો,
ખોડિયાર મંદીર વાળી શેરી,
–શિવાલય ની બાજુમા–
જામનગર રોડ,
રાજકોટ
મો: ૯૯૦૪૯ ૫૮૬૬૯

**વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબતે ની રીવ્યુ અરજી**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૮–૧૧–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૫/ક્વા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, રોણકી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૩૫/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૬–૧૨–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામઃ ભીમજીભાઈ વિરજીભાઈ વેકરીયા,ગામઃ રાજકોટ**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પુત્ર કિશનભાઈ ભીમજીભાઈ વેકરીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, રોણકી (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :પી.આર.ભાડજા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબતે ની રીવ્યુ અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર રાજકોટ દ્વારા, હુકમ નં. પીજીવીસીએલ/ સીજીઆરએફ/ ૪૯/કવા–૦૧/૧૨–૧૩/૬૯૫૩, તા.૧૩–૦૭–૧૨ મા કરાયેલ નિર્ણીત એવા તેમના, કાયમી ધોરણે રદબાતલ કરાયેલ ખેતીવાડી વીજજોડાણ ને, હુકમીત થયેલ એવી '' ટપક પધ્ધતિ સીચાઈ યોજના અંતર્ગત નહી, પરંતુ, ટપક સીચાઈ નો આગ્રહ રાખ્યા વગર સામાન્યતઃ એટલેકે મુળ ટેરીફ મુજબ ના જ ધોરણે'' ચાલુ કરવા માટે, અરજદાર શ્રી એ સદર રીવ્યુ અરજી મા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | મુળ અરજદાર શ્રી વિરજીભાઈ જીવરાજભાઈ વેકરીયા ના નામ નુ, ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૯૭૩૧/૦૦૬૦/૭, જે અગાઉ ગામઃ ભુતવડ ખાતે આવેલ હતુ. અને તે સમય ની, પીજીવીસીએલ ની, શહેર વર્તુળ કચેરી ના તાબા હેઠળ ની શહેર વિભાગીય કચેરી નં.–૩ ના કાર્યક્ષેત્ર મા આવતી માધાપર પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ હતુ. સદર ખેતીવાડી વીજજોડાણ, જે માધાપર પેટા વિભાગીય કચેરી સ્થિત બીલીંગ રેકર્ડ મુજબ, માહે ઓગષ્ટ–૨૦૦૬ થી એકસ સ્ટેટસ ( કાયમી ધોરણે રદબાતલ થયેલ ) મુજબની સ્થિતીએ હતુ. |
| ૨.૨ | ત્યારબાદ, પીજીવીસીએલ ની શહેર વિભાગીય કચેરી નં.–૩ ના કાર્યવાહી મા આવતી માધાપર પેટા વિભાગીય કચેરી દ્વારા, આ કચેરી હેઠળ આવતા કુલ ૬૧૨ ખેતીવાડી વીજજોડાણો ને, '' શહેર વર્તુળ કચેરી ના તાબા હેઠળ ની શહેર વિભાગીય કચેરી નં.–૩ ના કાર્યક્ષેત્ર મા આવતી, માધાપર પેટા વિભાગીય કચેરી દ્વારા, ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ ના તાબા હેઠળ ની ગ્રામ્ય વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર મા આવતી, રોણકી પેટા વિભાગીય કચેરી મા હસ્તાંતરીત થયેલ હતુ. |
| ૨.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતેના, અગાઉ રોણકી પેટા વિભાગીય કચેરી ખાતે, પીડીસી સ્ટેટસ હેઠળ રહેલ, વિરજીભાઈ જીવરાજભાઈ વેકરીયા ના નામના, મુળ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૯૭૩૧/૦૦૬૦/૭ ને, રોણકી પેટા વિભાગીય કચેરી હેઠળ, પીડીસી ની સ્થિતીએ જ, ખેતીવાડી વીજજોડાણ ના નવા નં.: જે ૩૦૮૩૧/૦૫૨૫૫/૨ મુજબ દાખલ કરાયેલ હતુ. |

| | |
|---|---|
| **<u>૨.૪</u>** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, માહે ઓગષ્ટ–૨૦૦૬ ની સ્થિતીએ કાયમી ધોરણે રદબાતલ થયેલ એવા, રોણકી પેટા વિભાગીય કચેરી હેઠળ ના, મુળ ગ્રાહક શ્રી વિરજીભાઈ જીવરાજભાઈ વેકરીયા ના ખેતીવાડી વીજજોડાણ ને, મુળ ગ્રાહક શ્રી વિરજીભાઈ જીવરાજભાઈ વેકરીયા ના નામ પરથી અને મુળ જોડાણ વાળા સ્થળ એટલેકે ગામઃ ભુતવડ ના સર્વે નંબર માથી, શ્રી ભીમજીભાઈ વિરજીભાઈ વેકરીયા ના નામે, રોણકી પેટા વિભાગીય કચેરી હેઠળ ના અન્ય સર્વે નંબર મા નામ બદલી સાથે ની શીફટીંગ મેળવવા માટે ની અરજી, જે રૂ.૫૦૦/– નોંધણીચાર્જ ( રૂ.૩૦૦/– + રૂ.૨૦૦/–) જે તા.૦૨–૦૩–૧૬ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને આપેલ હતી. જેથી, સદર પીડીસી વીજજોડાણ, જે માહે ઓગષ્ટ–૨૦૦૬ થી કાયમી ધોરણે રદબાતલ થયેલ હોય, અને પુનઃ જોડાણ ની અરજી માહે માર્ચ–૨૦૧૬ ના રોજ મળેલ હોય, આમ, જોડાણ ને પીડીસી થયા ને ૦૫ વર્ષ પૂર્ણ થયેલ હોય, જેથી, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ ના મુદદા નં.–૩(ઈ) મા કરાયેલ જોગવાઈ મુજબ "માત્ર ડ્રીપ ઈરીગેશન" હેઠળ જ ચાલુ કરવાની બાબત નિયમાધીન હતી. જે તે સમયે, અરજદાર શ્રી ને આ મુજબ ની વિગતે ની જાણકારી પણ આપવામા આવેલ હતી. તેમ છતા, ફરીયાદી અરજદાર શ્રી એ, " સદર ડ્રીપ ઈરીગેશન હેઠળ જ જોડાણ ચાલુ કરવા માટે ના નિયમાધીન બાહેધરીપત્ર, લેખીત સંમતીપત્ર, તેમજ વહીવટીય અને નિયમાધીન જરૂરી એવા અન્ય દસ્તાવેજીક પેપર્સ જે, પીજીવીસીએલ દ્વારા, અરજદાર શ્રી પાસેથી લેખીત પત્ર દ્વારા માંગવામા આવેલ હોવા છતા, અરજદાર શ્રી એ રજુ કરેલ ન હતા." અને, સદર બાબતે તે સમયે ફરીયાદી અરજદાર શ્રી એ, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સમક્ષ તા.૨૮–૦૬–૧૨ ના રોજ લેખીત ફરીયાદ અરજી આપેલ હતી. |
| **<u>૨.૫</u>** | મુળ અરજદાર શ્રી, વિરજીભાઈ જીવરાજભાઈ વેકરીયા નુ, હાલ ના તબ્બકે નુ, પીજીવીસીએલ ની રોણકી પેટા વિભાગીય કચેરી ખાતે, માહે ઓગષ્ટ–૨૦૦૬ થી કાયમી ધોરણે રદબાતલ થયેલ સ્થિતી મા રહેલ એવુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૯૭૩૧/૦૦૦૬૦/૭ ( ૦૫ હોપા), કે જે જોડાણ ને, પીડીસી થયા ને ૦૫ વર્ષ થી વિશેષ સમયગાળો થયેલ હોય, ઉપરોક્ત મુદદા નં.: ૨.૪ મુજબ ની વિગતે, સદર જોડાણ " ટપક પધ્ધતિ સીચાઈ યોજના અંતર્ગત" હેઠળ જ ચાલુ થઈ શકે તે બાબત, જે ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર રાજકોટ દ્વારા માન્ય રહેલ હતી. અને, તે અન્વયે ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર રાજકોટ તરફથી, અરજદાર શ્રી ને, હુકમ નં. પીજીવીસીએલ/ સીજીઆરએફ/ ૪૯/કવા–૦૧/૧૨–૧૩/૬૯૫૩, તા.૧૩–૦૭–૧૨ આપી, અને તે મુજબ, સદર કાયમી ધોરણે રદબાતલ થયેલ જોડાણ ને, માત્ર " ટપક પધ્ધતિ સીચાઈ યોજના અંતર્ગત" ની કાર્યવાહી હેઠળ પુનઃ ચાલુ કરવા બાબતે ની, અરજદાર શ્રી ને હુકમીત જાણકારી આપી અને તે મુજબ ની કાર્યવાહી પીજીવીસીએલ ને કરવાનો પણ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર તરફથી આદેશ થયેલ હતો. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| **<u>૩</u>** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

**૩.૧** ફરીયાદી અરજદાર શ્રી ભીમજીભાઈ વિરજીભાઈ વેકરીયા, કે જેઓ, તેમના પિતાશ્રી વિરજીભાઈ જીવરાજભાઈ વેકરીયા ના માહે ઓગષ્ટ–૨૦૦૬ થી કાયમી ધોરણે રદબાતલ થયેલ એવા, હાલ ના તબ્બકે, રોણકી પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ એવા ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૯૭૩૧/૦૦૦૬૦/૭ ( ૦૫ હોપા) ને, તેમના પિતાશ્રી વિરજીભાઈ જીવરાજભાઈ વેકરીયા ના નામ પરથી, અરજદાર શ્રી ભીમજીભાઈ વિરજીભાઈ વેકરીયા ના નામ પર નામ બદલી મેળવી અને સર્વે નંબર : ૫૯૧ પૈકી ૫ મા શીફટીગ કરી અને પુનઃ જોડાણ મેળવવા માટે ની જે અગાઉ તા: ૦૨–૦૩–૧૬ ના રોજ રૂ.૫૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરી અને જે અરજી નોંધાવેલ છે. તે અરજી ના અનુસંધાને, ' ' સદર ખેતીવાડી વીજજોડાણ ને પીડીસી થયા ને ૦૫ વર્ષ થી વિશેષ સમયગાળો થયેલ હોય '' પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નિયમાધીન પ્રણાલી મુજબ, સદર જોડાણ માત્ર '' ટપક પધ્ધતિ સીચાઈ યોજના અંતર્ગત" હેઠળ જ ચાલુ થઈ શકે તે બાબત પીજીવીસીએલ માટે નિયમાધીન છે. જેથી, અરજદાર શ્રી એ, સદર નિયમાધીન બાબત અંતર્ગત, '' ટપક પધ્ધતિ સીચાઈ યોજના ''માન્ય રાખી – તે બાબત સ્વીકાર્યા સબબ નુ, રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર લેખીત સંમતીપત્ર, તેમજ અન્ય બાબતે પણ જરૂરી જણાય એવુ રૂ.૧૦૦/– નાનોટરાઈઝ સ્ટેમ્પપેપર નુ બાંહેધરીપત્ર, તેમજ સદર નામ બદલી અને શીફટીગ બાબતે, ઘટતા એવા રેવન્યુ દસ્તાવેજીક પેપર્સ તેમજ અન્ય વહીવટીય પેપર્સ, જે અગાઉ પીજીવીસીએલ તરફથી મંગાવેલ હોવા છતા, અરજદાર શ્રી એ આજદિન સુધી પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરેલ નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ નિયમાધીન રીતે "ટપક પધ્ધતિ સીચાઈ યોજના અંતર્ગત" જ પુનઃ ચાલુ થઈ શકે તેમ હોય, અરજદાર શ્રી એ સદર સબંધક એવા તમામ દસ્તાવેજીક પેપર્સ, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૯૦ મા રજુ કરવાના રહેશે. જો, અરજદાર શ્રી સદર દસ્તાવેજીક પેપર્સ દિન–૯૦ મા રજુ નહી કરેતો, ફરીયાદી અરજદાર શ્રી ની, સદર જોડાણ મા નામ બદલી અને શીફટીગ સાથે ની તા.૦૨–૦૩–૧૬ ની અરજી રદબાતલ કરવામા આવશે. ફરીયાદી અરજદાર શ્રી ને તે મુજબ ની જાણકારી આપવાનો , સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદ્દા નં.–૪ :**

**હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી નુ, માહે ઓગષ્ટ–૨૦૦૬ ની સ્થિતીએ કાયમી ધોરણે રદબાતલ થયેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૯૭૩૧/૦૦૦૬૦/૭ ( ૦૫ હોપા), જે જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરાયાને, ૦૫ વર્ષ થી વિશેષ સમયગાળો થયેલ હોય, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નિયમાધીન પ્રણાલી અંતર્ગત "ટપક પધ્ધતિ સીચાઈ યોજના અંતર્ગત" જ પુનઃ ચાલુ થઈ શકે તેમ છે. જેથી, અરજદાર શ્રી એ, "ટપક પધ્ધતિ સીચાઈ યોજના અંતર્ગત" ની કાર્યવાહી હેઠળ ના તમામ દસ્તાવેજીક પેપર્સ, તદ ઉપરાંત, નામ બદલી અને શીફટીગ બાબતે પણ, ઘટતા એવા વહીવટીય દ્રષ્ટીએ નિયમાધીન જરૂરી જણાતા, એવા તમામ બાહેધરીખત / સોગંધનામાઓ / દસ્તાવેજીક પેપર્સ જે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૯૦ મા રજુ કરવાના રહેશે. જો, અરજદાર શ્રી તરફથી સદર દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા દિન–૯૦ મા રજુ કરવામા નહી આવે તો, ફરીયાદી અરજદાર શ્રી ની, સદર પીડીસી વીજજોડાણ મા, નામ બદલી, શીફટીગ સાથે ની પુનઃચાલુ કરવા માટે ની, અરજદાર શ્રી ની, પીજીવીસીએલ મા અગાઉ નોંધાયેલ તા.૦૨–૦૩–૧૬ ની અરજી રદબાતલ કરવામા આવશે. ફરીયાદી અરજદાર શ્રી ને તે મુજબ ની જાણકારી આપવાનો , સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે.

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, **સદર રકમના ૩૩% રકમ** પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..